### કરોડો રૂપિયાના ખર્ચે આકાર પામેલ

# પાલનપુર એસ.ટી. બસ સ્ટેશનમાં પીવાના પાણીના પણ ફાંફાં

## છેલ્લા દસ દિવસથી મુસાફરોને પીવાના પાણી માટે હાલાકી : પાણીના બોરનું વાયરીંગ બળી જતા ટાંકીમાં પાણી ચડાવી શકાતુ નથી : સ્ટાફ દ્વારા વિભાગને જાણ કરવા છતા રીપેરીંગ કરાયુ નથી

પાલનપુરમાં જૂનું બસસ્ટેન્ડ તોડી પાડી કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ એસ.ટી.બસ સ્ટેશનમાં છેલ્લા દસ દિવસથી બોરની ઓરડીમાં ગોઠવેલુ વોયરીંગ બળી જતા પાણી ટાંકીમાં ચડાવી શકાતુ નથી. જેના કારણે મુસાફરોને પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. જેથી ઝડપથી વાયરીંગ રીપેરીંગ કરી પરબ ઉપર પાણી ચાલુ કરાવવામાં આવે તેવી મુસાફરોની માંગ છે.

પાલનપુર શહેરમાં જુનું બસ સ્ટેશન તોડી તેની જગ્યા પર નવિન બસ સ્ટેશન બનાવવામાં આવ્યુ છે. પરંતુ નવિન બસ સ્ટેશનની ઓરડીમાં કોન્ટ્રાક્ટર દ્વારા અધુરૂ પ્લાસ્ટર કરવાના કારણે ચોમાસાનું વરસાદી પાણી ઓરડીમાં જાય છે.જેના કારણે તાજેતરમાં પાલનપુર શહેરમાં પડેલા ચાર ઈંચ વરસાદમાં વરસાદી પાણી ઓરડીમાં પડતા તેમાં ગોઠવવામાં આવેલ પાણીના બોરના વાયરીંગમાં ગયુ હતુ. જેના કારણે ઓરડીમાં ગોઠવેલ પાણી માટે ગોઠવેલુ વાયરીંગ બળી ગયુ હતુ. જેના કારણે છેલ્લા દસ દિવસથી પાણી ટાંકીમાં ચડાવી શકાતુ ન હોવાના કારણે બસ સ્ટેશનમાં બનાવેલ પાણીની પરબના નળોમાં પાણી આવતુ નથી.

જેના કારણે મુસાફરો પાણી પીવા જાય તો નળમાંથી પાણી ન આવતા ભારે નિસાસા સાથે પરત ફરવુ પડે છે. તો ઝડપથી વાયરીંગનું કામ કરાવી મુસાફરોને માણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી મુસાફરોની માંગ છે.




### પાણીની ઓરડીના કામમાં ગુણવત્તા ન જળવાઇ

પાલનપુર એસ.ટી બસ સ્ટેશન લાખ્ખો રૂપિયા ખર્ચ કરી ને બનાવવામાં આવ્યુ છે. તાજેતરમાં મુખ્ય મંત્રીના હસ્તે ઈ લોકાર્પણ કરી કાર્યરત કરવામાં આવ્યુ છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા પાણીની ઓરડીના કામમાં વેઠ વાળવામાં આવી છે. અને અંદરના ભાગમાં પુરતા પ્રમાણમાં પ્લાસ્તર પણ કરવામાં આવ્યુ નથી. જેના કારણે વરસાદી પાણી ઓરડીમાં જતુ હોવાના કારણે સોર્ટસર્કીટ સર્જાયુ હતુ. તો આ બાબતે એસ.ટી.વિભાગ દ્વારા તપાસ કરી કોન્ટ્રાક્ટર પાસે ફરી કામ કરાવવામાં આવે તે જરૂરી છે.

### ફરજ પરના કર્મચારીઓ દ્વારા વિભાગને જાણ કરાઇ

પાલનપુર બસ સ્ટેશનમાં પાણીની મોટરની ઓરડીમાં વરસાદી પાણી પડવાના કારણે સોર્ટ સર્કીટ થતા વાયરીંગ બળી ગયુ છે. જેના કારણે ટાંકીમાં પાણી ચડાવી શકાતુ ન હોવાના કારણે એસ.ટી બસ સ્ટેશનની પરબ ઉપર પાણી આવતુ નથી. આ બાબતે ફરજ પરના કર્મ ચારીઓ દ્વારા એસ.ટી.વિભાગને જાણ કરવામાં આવી છે.પરંતુ વિભાગ દ્વારા એક બીજાને ખો આપવામાં કામગીરી ખોરંભે પડી જેના જેથી મુસાફરો છેલ્લા દસ દિવસથી પાણી માટે વલખા મારી રહ્યા છે.અને કર્મચારીઓ પણ બહાર થી પાણી મંગાવી પીવા મજબુર બન્યા છે.

# ... લોકો પોતાનો કચરો જાહેરમાં ફેકી ગંદકી ન કરે તે માટે ચાર વિદ્યાર્થીઓએ સ્માર્ટ ડસ્ટબીન તૈયાર કર્યુ

## પાલનપુર સરકારી પોલીટેકનિકલ કોલેજના ચાર છાત્રોએ કચરાનું પણ વેતન મળે તે માટે સ્માર્ટ ડસ્ટબીન તૈયાર કર્યુ : બેન્કમાં નાણાં જમા થાય અને મેસેજ આવે તે રીતે ડસ્ટબીનમાં પોતાનો કેટલો કચરો જમા થયો તેનો એપ્લીકેસન મારફત મોબાઇલમાં મેસેજ આવશે

પાલનપુર

પાલનપુર પોલીટેકનીકલ કોલેજમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થીઓએ ભેગા મળી સ્માર્ટ ડસ્ટબીન તૈયાર કર્યુ છે.જેના થકી લોકો જાહેરમાં કચરો નાખવાનું ભૂલી તેની જગ્યાએ સ્માર્ટ ડસ્ટબીનમાં કચરો નાખી જેની ફલશ્રૃતી રૂપે નાણાં કમાઈ શકશે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છતા ઉપર ભાર મુકવામાં આવે છે.જેમાં શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને લોકો પોતાના ઘરનો કચરો જાહેરમાં ન ફેકે તે માટે સ્વચ્છ ભારત મીશન અભીયાન ચલાવવામાં આવી રહ્યુ છે.



પાલનપુર પોલીટેકનિકલ કોલેજમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થીઓ ટીમ લીડર નાઈ ધવલ ,નૈલેષ પરમાર,સેલીયા અસ્પાક, રોહીત કિરીટ એક દિવસ બજારમાં જતા હતા તે સમયે કચરા પેટીઓને કચારાથી ઉભરાતી જોઇ તેમને વિચાર આવ્યો કે કચરાનો યોગ્ય રીતે નિકાલ થાય અને જાહેરમાં ગંદકી ન થાય તે માટે શુ કરવુ જોઇએ જેથી તેમને એક પોજેક્ટ બનાવવાનો વિચાર આવ્યો જેનાથી લોકો જાહેરમાં કચરો નાખવાનું ભૂલી કચરાનો યોગ્ય જગ્યા પર નિકાલ કરે જેથી તેમના દ્વારા કોલેજના જીજૈઁ પાલનપુર ના કો-ઓર્ડીનેટર બ્રિજેશ પટેલ અને મેન્ટર હિતેન પટેલની મદદથી સ્માર્ટ ડસ્ટબીન તૈયાર કર્યુ છે.તે ડસ્ટબીન એ પ્રકારનું તૈયાર કર્યુ કે જેથી કચરો નાખનારને પણ લાભ થાય કચરો લેનારને પણ ફાયદો થાય અને શહેરમાં થતી ગંદકી અટકી શકે જેથી તેમને સ્માર્ટ ડસ્ટબીન બનાવવા પાછળ મેહનત શરૂ કરી હતી.અને તેમાં તેમને સફળતા પણ મળી છે.જેથી તેમને સ્માર્ટ ડસ્ટબીન તૈયાર કર્યુ આ તૈયાર કરેલા ડસ્ટબીનમાં કચરો કોઈ પણ વ્યક્તિ કોઈપણ પ્રકારનો કચરો નાખી શકે છે.અને આ સ્માર્ટ ડસ્ટબીનને એક એપ્લીકેશન સાથે કનેક્ટ કરવામાં આવ્યુ છે.જેથી કચરો નાખનાર વ્યક્તિનું રજીસ્ટેશન થાય છે.જે સ્માર્ટ ફોન સાથે કનેક્ટેડ કરવામાં આવ્યુ છે.આ ડસ્ટબીનમાં જે વ્યક્તિ કચરો નાખે છે.તેના કચરાનું ડસ્ટબીન કામનો કચરો અલગ પાડે છે.અને નકામો કચરો અલગ પાડે છે.ત્યારબાદ ઉપયોગી કચરાની સ્માર્ટ ગણતરી કરી કેટલો કચરો જમા કરાવ્યો તેનું અપ્લીકેશનની મદદથી તે વ્યક્તિને જાણ કરવામાં આવે છે.ત્યારબાદ નક્કી કરવા મુજબ ઉપયોગી કચરાનું તેને વેતન આપવામાં આવશે.આથી લોકો જાહેરમાં કચરો નાખવાની જગ્યાએ કચરો સ્માર્ટ કચરા પેટીમાં નાખી તેના નાણાં મેળવી ખરા અર્થમાં સ્વચ્છ ભારત મિશન અભીયાનના સ્વપ્રને સાકાર કરશે સાથે તેમાંથી નાણાંની ઉપજ પણ કરી શકશે.



મહેસાણા ખાતે કોંગ્રેસ સમિતિના ઉપક્રમે શહેર અને તાલુકાના કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારીની બેઠક મહેસાણા ખાતે યોજાઈ હતી. પ્રદેશ કોંગ્રેસ સમિતિ તરફથી નિરીક્ષક ધારાસભ્ય સી.જે. ચાવડાએ સંબોધન કર્યુ હતુ તે પ્રસંગની તસ્વીરમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ માનસિંહ ઠાકોર, શહેર કોંગ્રેસ પ્રમુખ પી.કે. પટેલ, પૂર્વ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન હસમુખભાઈ ચૌધરી, કોર્પોરેટર કમલેશ સુતરીયા સહિત અને કાર્યકરો ભાઈ-બહેનોને સંગઠ્ઠન મજબૂત કરવા માટે ભાવી કાર્યક્રમો માટે અને ૨૦૨૨માં વિધાનસભા ચૂંટણી જીતવા માટે અગત્યની ચર્ચા કરવામાં આવી હતી.

## હિંમતનગર બસ સ્ટેન્ડમાંથી ૨૬ હજારના વિદેશી દારૂ સાથે રાજસ્થાનનો શખ્સ ઝડપાયા

સાબરકાંઠા એલસીબી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે હિંમતનગર બસ ડેપોમાંથી પ્લાસ્ટિકની થેલીઓની આડમાં હિંમતનગર થી અમદાવાદ લઈ જવાતાં રૂ. ૨૬ હજારના વિદેશી દારૂ સાથે રાજસ્થાનના શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

સાબરકાંઠા એસીબી પોલીસ સ્ટાફ હિંમતનગર ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે હિંમતનગર બસ સ્ટેશન ડેપો ખાતે અંદરના ભાગે એક ઈસમ પોતાની પાસે ૨ પ્લાસ્ટિકની થેલીઓમાં ઈંગ્લિશ દારૂ લઈને ઉભેલ છે અને અમદાવાદ તરફ જનાર છે જે બાતમીના આધારે એલ.સી.બી પોલીસે બસ ડેપોમાં અંદરના ભાગે ઉભેલા શખ્સનેની કોર્ડન કરી ઝડપી પાડયો હતો અને તેની પૂછપરછ હાથ ધરતા પોતાનું નામ શાંતિલાલ ઉર્ફે શાંતિ રામુલાલ હીરાજી ખરાડી ઉમર વર્ષ - ૨૪ રહે. બાયડી , નીચલા ફળિયું , તાલુકો - ખેરવાડા જીલ્લો - ઉદેપુર (રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.

### ગાંધીનગર સમાચારના અહેવાલનો પડઘો..

# કન્યાઓ પાસેથી પૈસા ખંખેરવાનું ભારે પડ્યું, ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કુલનો ખુલાસો માંગતું શિક્ષણ વિભાગ

## માત્ર ખુલાસો નહીં પગલાં ભરવાં જોઈએ, દરેક વાલીઓની માંગ, કસૂરવાર કર્મચારીઓને સસ્પેન્ડ કરો

બાયડ તા.૦૭

ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે મફત શિક્ષણ શરૂ કર્યુ છે. ત્યારે ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કુલમાં કન્યઓ પાસેથી ખોટી રીતે રૂા.૧૫૦૦ની શિક્ષણ ફી વસુલાતી હોવાના અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં બુધવારે પ્રસિદ્ધ થતાં હરકતમાં આવેલા શિક્ષણ વિભાગ દ્વારા શાળાના આચાર્ય પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે. ખુલાસા બાદ કાર્યવાહી થઈ શકે છે પરંતુ શિક્ષણ વિભાગના નિયમ વિરૂદ્ધ કન્યાઓની કેળવણી માટે ગેરકાયદે ફી ઉઘરાવનાર આચાર્ય સહિત સ્ટાફને સસ્પેન્ડ કરવા જોઈએ તેવી માંગ ઉઠી છે. અહેવાલ પછી કેટલીક કન્યાઓને ઉઘરાવેલી ફી પાછી આપવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

જિલ્લામાં કેટલીક શાળાઓએ શિક્ષણને રીતસરનો વેપલો બનાવી દીધો છે. જેના કારણે અનેક સારી શૈક્ષણિક સંસ્થાઓ પણ જૂજ સંસ્થાઓના કારણે બદનામ થઈ રહી છે. કોરોનાના કપરા કાળ પછી શાળા સંચાલકો અને વાલીઓ માંડ બેઠા થઈ રહ્યા છે. તાજેતરમાં ધો.૧૦ નું પરિણામ જાહેર થયું. ધો.૧૧ માં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે ત્યારે ખેડબ્રહ્માની શૈક્ષણિક સંસ્થામાં ધો.૧૧માં પ્રવેશ મેળવનારી કેટલીક કન્યાઓ પાસેથી ગેરકાયદે રીતે રૂા.૧૫૦૦નું ઉઘરાણું કર્યુ અને પૈસા લીધાની પાવતી પણ આપવામાં આવી ન હતી. રોષે ભરાયેલા વાલીઓએ ગાંધીનગર સમાચારને આ અંગેની વિગતો આપતાં નિર્ભયી બની અહેવાલ પ્રસિદ્ધ થયા જેથી જિલ્લા અને રાજ્યના શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસો તાબડતોબ શાળાનો ખુલાસો માંગ્યો છે અને કન્યાઓની કેળવણી માટે એકપણ રૂપિયો ફી ઉઘરાવાની હોતી નથી છતાં ફી કેમ ઉઘરાવી..?? તેવા સોસરવા સવાલ કર્યા છે.


શિક્ષણમાં વેપાર : ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કુલમાં મફત કન્યા શિક્ષણને ગળેટૂંપો : ફીનું ઉઘરાણું

કન્યા કેળવણી મફત છતાં પૈસા કોના ઈશારે ઉઘરાવ્યા, તપાસ થાય તો ચોંકાવનારી વિગત સામે આવે

ભૂલથી ૨ વિદ્યાર્થીનીઓની ફી ઉઘરાવી : આચાર્ય

ફી ઉઘરાવી ન શકાય : તપાસ થશે, ડી.ઈ.ઓ.

# અરવલ્લી જિલ્લાના ૪૮ કેન્દ્રો પર ૧૦ તથા ૧૨ના રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા યોજાશે

બાયડ તા.૭

કોરોનાના કપરા કાળમાં વિદ્યાર્થીઓ સંક્રમિત ન થાય તે માટે તેમની ચિંતા કરતા તેમના હિત સારું થઈને રાજ્ય સરકાર તથા શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦ તથા ૧૨ના રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા પરિસ્થિતિને કારણે રદ કરાઈ હતી. ત્યાર બાદ કોરોના કાબૂમાં ન આવતા સરકારશ્રી દ્વારા યોગ્ય નિર્ણય લઈને ધોરણ ૧૦ તથા ૧૨ના રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયું તથા પરિસ્થિતિને ધ્યાને રાખીને રીપીટરોની પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો હતો.

જે અંતર્ગત રાજયમાં કોરોનાની મહામારી વર્તમાન સમયમાં અંકુશમાં આવતા અરવલ્લી જીલ્લાના પરીક્ષા કેન્દ્રો ખાતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા માનનીય શિક્ષણમંત્રીશ્રી અધ્યક્ષતામાં તેમના સ્થાનેથી કલેકટરશ્રીની કચેરીના વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે વિડીયો કોન્ફરન્સ યોજાઈ. આ કોન્ફરન્સમા અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીણા તથા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં દરેક વિભાગની કામગીરીની સમીક્ષા કરતા જીલ્લા કલેકટરશ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીણાએ જણાવ્યું કે, પોલીસ ટીમ દ્વારા એક જગ્યા પર વધુ પ્રમાણમાં ટોળાઓ એકઠા ન થાય તેનું ધ્યાન રાખવું, આરોગ્ય વિભાગ દ્વારા થર્મલ સ્કેનીંગ, માસ્ક, સેનેટાઈઝરની જવાબદારી સોંપાઈ, શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા હોલ ટીકીટ વિદ્યાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થાનું ધ્યાન રાખવું, એસ.ટી. વિભાગને પણ પરીક્ષાર્થીઓને સમયસર બસોની વ્યવસ્થા તથા ઝડપથી પરીક્ષા સ્થળે પહોંચાડવાની જવાબદારી તથા સી.સી.ટી.વી. કેમેરાના અધિકારીને પણ સમયસર કેમેરા ચાલુ છે કે બંધ, બીજા કોઈ પ્રકારની સમસ્યા ન થાય તે બાબતનું ધ્યાન રાખવા તથા દરેક ઉમેદવાર માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને સરકારશ્રીની કોરોના ગાઈડલાઈનનું પાલન કરે.

આ પરીક્ષામાં ધોરણ ૧૦ તથા ૧૨ (સામન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ) ના રીપીટર,પૃથ્થક તથા ખાનગી વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી સમયમાં ૧૫ જુલાઈ ૨૦૨૧ થી ૨૮ જુલાઈ ૨૦૨૧ સુધી બે તબકકામાં ૧૦.૦૦ થી ૦૧.૪૫ કલાકે તથા ૦૨.૦૦ થી ૦૬.૦૦ કલાકે યોજાશે. જેમાં ધોરણ ૧૨ નાં વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા મોડાસાનાં ૩ સેન્ટર ખાતે જીલ્લાના ૫૩૨ વિદ્યાર્થીઓમાં ૫૨૮ રીપીટર તથા ૦૪ આઈસોલેટ, સામન્ય પ્રવાહની પરીક્ષા મોડાસા કેન્દ્રનાં ૧૦ સેન્ટર ખાતે ૨૮૪૪ વિદ્યાર્થીઓમાં રીપીટર ૧૪૧૬, આઈસોલેટ ૩૯૩, પ્રાઈવેટનાં રેગ્યુલર ૫૬૨, પ્રાઈવેટનાં રીપીટર ૪૭૩ તથા ધોરણ ૧૦ જીલ્લાના ૩૫ સેન્ટર ખાતે ૮૧૨૭ ઉમેદવારો પરીક્ષા આપશે.

જીલ્લા શિક્ષણાધિકારી શ્રીમતિ ગાયત્રી બેન પટેલ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ, પ્રમુખશ્રી, જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, મંત્રીશ્રી અરવલ્લી જીલ્લા આચાર્યશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનાં શિક્ષકશ્રીઓ, વહીવટી સંઘના અધિકારીશ્રી, જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, એસ.ટી. વિભાગીય નિયામકશ્રી, તથા કાર્યપાલક ઈજનેરશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

### લાગણીનો મેળો ● પાના ૪થાનું ચાલુ...

● અભ્યાસમાં ઘણા નબળાં માણસો પણ સફળ બન્યાં છે, પણ એનો મતલબ એ નથી કે અભણ કે અભ્યાસમાં નબળો માણસ સફળ જ થાય. વિદ્યાથી વધુ કશું જ નથી. ભણવાના સમયે ધગશથી ભણજે.

● હું નથી ઈચ્છતો કે નથી આશા રાખતો કે તું મને મારા વૃદ્ધ સમયમાં મદદ કરે અથવા હું પણ તને આખી જિંદગી સહારો આપી શકીશ કે નહીં? મારી ફરજ તને મોટો કરી સારું ભણતર આપી પૂરી થાય છે એ પછી તું લકઝરીયસ કારમાં ફરી શકે પછી સરકારી બસમાં એ તારી મહેનત અને આવડત ઉપર નિર્ભય છે.

● તું તારું વચન પાળજે પણ બીજા એમનું વચન પાળશે જ એવી આશા ન રાખવી. તું સારું કર પણ બીજા સારું કરશે એવી આશા રાખતો નહીં. જો આ વાત તને સમજાઈ જશે તો તારા જીવનના મોટા ભાગના દુઃખ દૂર થઈ જશે.

● મેં ઘણી લોટરીની ટિકીટ ખરીદી છે પણ એક પણ લાગી નથી. જીવનમાં એક નસીબથી જ અમીર થવાતું નથી. એના માટે ખૂબ મહેનત કરવી જ પડે છે. તો મહેનતથી કોઈ દિવસ ભાગતો નહિં.

● જીવન ખૂબ જ ટૂકું છે અને કાળનો ભરોસો નથી તો જેટલો વધુ સમય આપણે સાથે વિતાવી શકીએ વિતાવી લઈએ કારણ કે આવતો જનમ તો આવશે જ પમ એ જનમમાં આપણે મળીશું કે નહીં તે ખબર નથી તો જનમમાં વધુમાં વધુ સમય પરિવાર સાથે વિતાવો.

દોસ્તો, આ પિતૃહૃદયની ભાવનાથી ભીંજાઈએ તોય ઘણું...!!

**સ્પર્શમણિ :**

સમય દરેક સમયને બદલી નાખે છે ફક્ત સમયને સમય આપો.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### ટીમ મોદી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. એવુ જણાવાય છે કે વડાપ્રધાન મોદીની નવી કેબિનેટમાં પાંચ એન્જિનિયર, સાત અધિકારી, ૧૩ વકીલ અને છ ડોક્ટર્સ સામેલ થયા છે. ભાજપના નેતા નારાયણ તાતૂ રામે, અશ્વિની વૈશણવ, પશુપતિ કુમાર પારસ, કિરમ રિજ્જુ, રાજ કુમાર સિંહ, સર્બાનંદ સોનેવાલ, જ્યોતિરાદિત્ય સિંધિયા, પશપતિ કુમાર પારસ, ડો. વિરેન્દ્ર કુમાર, રામચંદ્ર પ્રસાદ સિંહ, હરદીપ સિંહ પુરી, મનસુખ માંડવિયા, ભૂપેન્દ્ર યાદવ, પુરુષોત્તમ રૂપાલાએ કેન્દ્રીય મંત્રી તરીકે શપથ લીધા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આ નેતાઓને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ભાજપના નેતા પ્રકાશ જાવડેકર, રવિશંકર પ્રસાદ અને હર્ષવર્ધન નવા મંત્રીઓના શપથ ગ્રહણ સમારોહમાં સામેલ થયા. તેઓએ આજે જ મંત્રીમંડળમાંથી રાજીનામા આપ્યા હતા. સમારોહમાં સીડીએસ જનરલ બિપિન રાવત પણ હાજર હતા.

### દિલીપકુમારનું નિધન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મિત્ર ફૈઝલ ફારુકીએ ટ્વિટ કરીને લખ્યું, "ભારે હૈયે અને અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે આપણા વહાલા દિલીપ સા’બ હવે આ દુનિયામાં નથી રહ્યા. થોડી મિનિટો પહેલા જ તેમનું નિધન થયું છે. આપણે ઈશ્વરના છીએ અને તેમની પાસે જ પાછા જવાનું છે." મુગલ-એ-આઝમના અભિનેતા દિલીપ કુમારની તબિયત છેલ્લા થોડા મહિનાઓથી નાદુરસ્ત રહેતી હતી. છેલ્લા એક મહિનામાં તેમને એકથી વધુ વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, પરિવાર અને ફેન્સને આશા હતી કે તેમની તબિયત સુધરી જશે. સાયરા બાનુએ ટ્વિટ કરીને લખ્યું હતું, દિલીપ સા’બ પર ઈશ્વરની અપાર કૃપા માટે આભારી છું કારણકે તેમની તબિયત સુધરી રહી છે. અમે હજી પણ હોસ્પિટલમાં છીએ અને તમને સૌને વિનંતી કરીએ છીએ કે પ્રાર્થના અને દુઆ કરજો. ઈન્શાહઅલ્લાહ તેઓ જલદી સાજા થઈ જાય અને ડિસ્ચાર્જ મળે. સાયરા બાનુ ખાન.

### ડ્રાઈવરની ઘટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દોડી રહી છે. જયારે આંતર રાજય બસ સેવાના રૂટો પણ શરૂ થઈ ગયા છે. જેના લીધે મુંબઈ , નાથદ્વાર સહીતા રૂટોમાં દોડતી બસો પણ વાયા ગાંધીનગર થઈને આગળ વધે છે. આ સ્થિતિ વચ્ચે ડેપોમાં ટ્રાફિક વધ્યો છે. ત્યારે હવે સ્ટાફની ઘટનો પ્રશ્ન પણ હલ થાય તેવી માંગણી ઉઠવા પામી છે.

### ધંધામાં મંદી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂપિયામાં વેચવા તૈયાર છે છતાં કોઈ લેવા તૈયાર નથી. તેઓને ત્યાં ૩ લાખ ૬૯૫ માસ્ક, ૬ લાખ ટ્રિપલ લેયર માસ્ક, ૧૨ હજાર ઓક્સિમીટર, ૩૦૦ નંગ સેનિટાઈઝરના કેરબા સહિત ૧૫ લાખના માલ અટવાઈ ગયો છે. તેઓનું કહેવું છે કે, અમદાવાદમાં ૫૦૦ વધુ હોલસેલના વેપારીઓની આ હાલત છે. કોરોનાના કારણે આમ તો અનેક વેપારીઓના ધંધાને બ્રેક વાગી છે પણ કોરોના મહામારી સાથે સંકળાયેલ વસ્તુઓનું વેચાણ પણ એટલી હદે બંધ થઈ જશે તેવું વેપારીઓએ સપને પણ નહતું વિચાર્યું. મહત્વનું છે કે, કોરોનાના કારણે આમ તો અનેક વેપારીઓના ધંધાને બ્રેક વાગી છે પણ કોરોના મહામારી સાથે સંકળાયેલ વસ્તુઓનું વેચાણ પણ એટલી હદે બંધ થઈ જશે તેવું વેપારીઓએ સપને પણ નહતું વિચાર્યું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# બેકાબુ મોંઘવારીમાં રાહત : જિલ્લામાં જયા-પાર્વતીનું વ્રત નજીક આવતાં સૂકામેવાના ભાવમાં સામાન્ય વધ-ઘટ

## ગત વર્ષ કરતાં સૂકામેવાના ભાવ રાહતરૂપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બેકાબુ બનતી જતી મોંઘવારીમાં કન્યાઓના વ્રત શરૂ થાય તે અગાઉ રાહત થઈ છે. સૂકામેવાના ભાવમાં આ વખતે સામાન્ય વધ-ઘટ જોવા મળી છે. ગત વર્ષ કરતાં સૂકામેવાના ભાવમાં સામાન્ય વધારો થયો છે જેના કારણે આ વર્ષે વ્રત દરમ્યાન સૂકામેવાની ખરીદીમાં વધારો થવાની આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.



જિલ્લામાં સામાન્ય રીતે જયાપાર્વતીના વ્રતની ઉજવણી અષાઢ મહિનાની તેરસથી શરૂ થતી હોય છે. વ્રતને આડે હવે ૧૫ દિવસનો સમય બાકી રહેતાં જયાપાર્વતીનું વ્રત કરનાર વ્રતધારીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બજારોમાં પણ હવે સૂકોમેવોનો સ્ટોક વેપારીઓએ અગાઉથી કરી દીધો છે. કાળઝાળ મોંઘવારીમાં જીવન આવશ્યક ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે જેના કારણે વર્ષ દરમ્યાન આવતા તહેવારોનો ઉત્સાહ ફિક્કો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે પરંતુ જયાપાર્વતી વ્રત નજીક છતાં સૂકામેવાના ભાવમાં સામાન્ય વધ-ઘટ થઈ છે. વ્રત દરમ્યાન સેવાભાવી સંસ્થાઓ દ્વારા રાહત દરે અથવા તો વ્રતધારીઓને નિઃશુલ્ક સૂકામેવાનું વિતરણ કરવામાં આવતું હોય છે જેથી આ વખતે સૂકામેવાના ઓછા ભાવે સૌ કોઈનો વ્રત પૂર્વે ઉત્સાહ વધાર્યો છે. છેલ્લા દોઢ વર્ષથી કોરોનાનું સંક્રમણ હાવિ થતાં તેની સીધી અસર તહેવારો ઉપર થઈ છે અને તેમાંય વધતી જતી મોંઘવારીએ સામાન્ય પરિવારોને મુશ્કેલીમાં મૂકયા છે. પરંતુ એકમાત્ર સૂકામેવાના ભાવમાં આ વખતે સામાન્ય વધ-ઘટ થઈ છે.